નવી બાબત ૨૦૨૪-૨૫

ઘટક કચેરીઓને આઈ.ટી. સંસાધનો દ્વારા કાર્યક્ષમ બનાવવા અંગે

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : WCDD/NIE/e-file/23/2023/1711/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીની દરખાસ્ત નં. ICDS/NIIT/e-file/257/2023/1277/IT Dt.30/12/2023

આમુખ :

હાલના ઈન્ફોર્મેશન અને ટેક્નોલોજીના સમયમાં આ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ યોજનાના લાભો તેના લાભાર્થીઓને ઓનલાઇન મળી રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરવા તેમજ જિલ્લા અને મહાનગરોમાં ચાલતી યોજનાની અમલવારીમાં આઇ.ટી. સાધનોના ઉપયોગ દ્વારા વહીવટી કામગીરીને સરળ બનાવવા અને ઘટક કચેરી ખાતે ફરજ બજાવતા સ્ટાફને આઇ.ટી. સંસાધનોથી સુસજ્જ બનાવવા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ.૮.૩૩ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ થયેલ હતી જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી

/// ઠરાવ ///

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની આઇ.સી.ડી.એસ. યોજના હેઠળની ઘટક કચેરીઓને આઇ.ટી. સંસાધનો દ્વારા કાર્યક્ષમ બનાવવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ. ૫.૭૦ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| Sr. No. | Project Category | Hardware Items | No. | Unit Price with Effort Estimate Rs. | Total (Rs.) |
|---|---|---|---|---|---|
| One Time Cost | | | | | |
| 1 | Strengthening Field Functionaries and Offices with IT resources | Portable PA System with Projector (with Screen for all Project Offices) | 426 | 80,000/- | 3,40,80,000/- |
| 2 | | Desktop Computer for Project Offices | 426 | 50,000/- | 2,13,00,000/- |
| | | Total Project Cost(1+2) | | | 5,53,80,000/- |
| 4 | | ટેકનિકલ કન્સલટન્સિ ચાર્જ | 1 | 3% પ્રોજેક્ટ કોસ્ટ | 16,61,400/- |
| | | Total One-Time cost with consultancy | | | 5,70,41,400/- |

શરતો :-

૧. પ્રસ્તુત બાબતે ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૪થી કરવાનો રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનુંચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગનાં ઠરાવ મુજબ ખરીદી ગર્વમેન્ટ ઈ-માર્કેટપ્લેસ(GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા. ૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની થશે.

૬. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

૭. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance કે અન્ય Hybrid modelથી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

૮. ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.

૯. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

૧૦. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્યપૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૨. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

૧૪. જો કોઇ કેન્દ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૭. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૧૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

<u>આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.</u>

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૪૨૩૬ પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : (૦૨) પોષણયુક્ત આહાર અને પીણાંનું વિતરણ

ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર : ૦૫ - શહેરી વિસ્તારમાં આંગણવાડીનું બાંધકામ(૧૦૦% રાજ્ય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈફાઇલ પર નાણા વિભાગની તા. ૧૩/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.દેસાઇ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ-ગર્વનન્સ), બ્લોક નં. -૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર

૧૦. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, NIC, સચિવાલય, ગાંધીનગર

૧૧. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી

૧૨. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૩. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી

૧૪. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી

૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

૧૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૭. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૮. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

૧૯. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

૨૦. સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:R K DESAI
Section Officer (I/C)
Date: 2024.03.15
17:17:25 +05:30